SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 44. માનવીની ભવાઈમાં ગાજતા લોકસાહિત્યના સૂર

પરમાર ગીતાંજલી ધીરજભાઈ

'ગુજરાતી ભાષાનો ચમત્કાર'તરીકે પ્રસિદ્ધિ પામનાર સર્જક પન્નાલાલ પટેલનો જન્મ ૭ મે ૧૯૧૨ ના રોજ માંડલીમાં પિતા નાનાલાલ અને માતા હીરાબાના ઘરે થયો હતો. પન્નાલાલનું ઘર ગામમાં 'વિદ્યાનું ઘર' તરીકે ઓળખાતું હતું. તેમના શૈશવકાળમાં સાંભળેલી લોકકથાઓ, ધાર્મિકકથાઓ તેમના સાહિત્ય રૂચીમાં વધારો કરવા માટેનું પ્રેરક પરિબળ તરીકે ગણી શકાય.અભ્યાસ પછીના અનેક સંકટો અને કઠિન સંઘર્ષો પન્નામાંથી પન્નાલાલ સુધી પહોંચાડે છે. તેમના સાહિત્યમાં લોકમાનસ તથા ગ્રામીણ પ્રદેશની વિશેષતા આપવાની આગવી પ્રતિભાથી ૬૦ કરતાં વધારે નવલકથાઓ અને સાડા ચારસો જેટલી ટૂંકી વાર્તાઓ ગુજરાતી સાહિત્યમાં પ્રદાન કરવામાં સફળ રહ્યા છે.

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા 'માનવીની ભવાઈ' પન્નાલાલ પટેલ પાસેથી મળે છે. જેમાં આડત્રીસ જેટલા પ્રકરણ લોકબોલીમાં ગ્રામીણ સમાજનું વાસ્તવદર્શન કરાવે છે.ઝવેરચંદ મેઘાણીએ આ નવલકથાને કાળપ્રધાન નવલકથા કહી છે.

**લોકગીત અને હુડાનું નિરૂપણ :**

છપ્પાનિયાકાળ પહેલાંના પચ્ચીસેક વર્ષ પરના આથમતા ઉનાળાની વાતથી 'વધામણી' નામના બીજા પ્રકરણનો આરંભ થાય છે. આ પ્રકરણ નવલકથાના નાયક કાળુના જન્મની વધામણીનું છે. કાળુના જન્મથી કાળુના બાપા વાલા ડોસાના હૈયે હરખ માતો જ નથી અને પ્રકરણના અંતે તેમના હૈયાનો હરખ ગીતમાં વહી જાય છે;

'દેવ દેવીને પારે મેલતાં
સૌ કો  મરઘાં ને બકરાં શાં ઢોર
પણ મારે ધરતીને ખોળે મેલવો
મોંઘી માટીનો રમતેરો મોર'

જ્યારે નવલકથાના દસમાં પ્રકરણમાં કાળુ માટે લગ્નની વાત આવે છે. એક તરફ યુવાન-યુવતીઓના હૈયા હિલોળે ચડયા છે અને આ ગીતોના રણકાર માલી ડોશીને કાળજાળ કરી રહ્યા છે.

ઉગમણી ધરતીમાં કેસર ઊડે છે ઓ રેશમા !
ઉગમણી  ધરતીમાં કેસર ઊડે છે રે લોલ !
મીં જાણ્યું નણદીની વીરો આવે છે ઓ રેશમા !
મીં જાણ્યું નણદીની વીરો આવે છે રે લોલ !

આ ગીતોમાં યુવાનનો ઉલ્લાસ છે. પ્રસંગનો ઉત્સાહ છે. લોકસંસ્કૃતિનો સાદ છે. ગીતની રમજટ અને તનનો તરવરાટ દરેક ગ્રામજનોના હૈયા લહેરાતી વસંતનો અનુભવ કરાવે છે. 'ભગવાન કરે એ સારા માટે'પ્રકરણમાં તો ગીતની ઝડીઓ વરસે છે,

'હરિ ગલનું છોગું ને ગલનો ગોટો કેશરિયાલાલ
કો'તો સાહ્યબા ઘોડીલા વો'રી આવું કેશરિયાલાલ'

*

'અંગરેસ આવ્યો રે જુદી જાતનો
ટોપીવાળો આવ્યો રે વિલા'તનો'

ગ્રામજનોના આ જોડકણા જેવા ગીતો અને ઉલ્લાસમાં નવાં ગીત જોડી કરેલું નિરૂપણ તેમના લોકજીવનનો અનુભવ અને જગત વિશેની કાલીઘેલી સમજ પણ વ્યકત કરે છે. 'ચેત મછંદર ગોરખ આયા' પ્રકરણમાં કાળુ ભલીને લેવા માટે એના સાસરી જાય છે. ત્યાં 'ગીતોમાં ગાળો ભાંડવા' એટલે કે મશ્કરી કરવાના તોરમાં રાજુ ગીતો ગવરાવે છેઃ

'કાળુ તારે તે કેડિયું ક્યાંથી, બાર બાપોના !
તારી મા દરજીડાને ગૈતી, બાર બાપોના !
અલ્યા ગૈતી પણ રાતવાસો રૈતી, બાર બાપોના !
અલ્યા એમ કરી કેડિયું લાવી, બાર બાપોના !'

નવલકથામાં લોકના હૈયા હિલોળે ચડાવતાં લોકસંસ્કૃતિને આલેખતાં ગીતોની સાથે હુડાનું નિરૂપણ જોવા મળે છે. 'ભેદમાં ભેદ' પ્રકરણમાં કાળુ દ્વારા પ્રસંગોચિત ગવાયેલા હુડા જોઈએ તો,

'તારી ઓઢણી ને મારા ફાળિયાં,

વેળુ ગોરીઓ ધૂમડીએ આજ ..'

નાયક અને નાયિકાના જીવતરમાં વિખૂટા પડ્યાની વેદના રાજુ ગાઈ ઉઠે છેઃ

'દન તો દોડતો જાય, મનખો માણ્યો નથી રે લોલ !
સવારો સમણે થાય, મનખો માણ્યો નથી રે લોલ !
વર્ષો વ્યાજમાં જાય, મનખો માણ્યો નથી રે લોલ,
જીવડો ઝંખતો જાય,અરેરે માણ્યો નથી રે લોલ.'

'જીવ્યામર્યાના જુહાર'પ્રકરણ સુધી આવતાં કાળ પહોંચી ગયો છે. દિવાળીનું પર્વ સૂનું ગયું છે. આ સૂનકાર અને આવનારી આફતના એંધાણનો હુંડો :

'જીવો જાગો! તો રાવણા બેસાડજો,
પે'લા મુયલાના છેલ્લા ઝવાર !'

નવલકથામાં આવતાં ગીતો અને હુડા સમગ્ર જનપદના મિજાજનું, ભાવ-સ્વભાવનું પ્રતિનિધિત્વ કરે છે. આ ગીતોમાં જીવનનો લય અને હૈયાનો ઉમંગ છે. લોકજીવનની સરવાણીનું વહેણ ભાવકના હદયને પખાળે છે.

**લોકબોલીનું નિરૂપણ :**

ગુજરાતની મુખ્ય ચાર બોલીઓમાંથી સાબરકાંઠા વિસ્તારના તળપદા બોલીપ્રયોગો તેના ક્ષેત્રના જનજીવનને,જીવનપ્રવાહોને આબાદ રીતે આ નવલકથામાં વ્યક્ત કરે છે. વાતાવરણ અને ચરિત્રચિત્રણની જીવંતતા પ્રત્યક્ષ કરવામાં બોલીપ્રયોગોની પ્રસ્તુતતા ઉપકારક સિદ્ધ થઈ છે.

નવલકથાના પ્રારંભે જ 'વધામણી' પ્રકરણમાં કાળુના જન્મ વખતે શક્તિ મુજબ વધામણી વહેચવા ઉત્સુક વાલા ડોસાના ઉત્સાહ પર પાણી ફેરવતી અને કટુવેણ ઉચ્ચારતી માલી ડોશીની વાણી જુઓઃ "ઘરમાં પાણી પીવાનો કળશ્યોય ફૂટેલો છે પછી વધામણીમાં તે શું"

માલી ડોશીનો વ્યર્થ બબડાટ અને કાળો કકળાટ અનેક વખત લોકબોલી દ્વારા આબાદ રીતે વ્યક્ત થયો છે. કાળુની મા રૂપાનું અપમાન કરવામાં બધા વચાળે રૂપાનો માર ખાતી માલી બોલી ઉઠે છેઃ

"માબાપા, તમારું મૂળ જજો.. પિયરમાં મારે ભાઈ ન મળે.. ઘરનાંય વેરવાઈ થઈ લાગ્યાં;માબાપા ! મારે કનો અતળો લેવો ! કને ત્યાં જઈ મારે અકળામણ ભાગવી !"

'બાવાની લંગોટી' પ્રકરણમાં વાલા ડોસા બાવા વિશે વાર્તા કહે છે. પાત્રાનુસારી ભાષાનું આ નોંધપાત્ર ઉદાહરણ છે. બાવાજીએ જંજાળ વધારી એની વાર્તામાં પોતાનું દુઃખ ગાય છેઃ "આખાય દન આ ઝંઝટમાં પૂરા હો જાતા હૈ ! મેરેસે તો માધજીકી સેવા બી પૂરી-પાધરી નઈ  બનતી; ફિર ભજનભાવકી તો બાત જ ક્યાં રઈ બચ્ચા !"

વાલા ડોસાનું બારમું ચાલે છે. પાંચસો માણસની નાત જમી રહી છે. અને કાકા-ભત્રીજાના મંગળમિલનથી સૌ ખુશ છે એવા ટાણે માલી પોતાના પતિ પરમાની ધૂળ કાઢી નાખે છે : "'કાળમુખા'ને પાંખમાં લીધો તો મારા ત્રણ દીકરાથી તું ના ધરાયો ત્યારે જ ને ?"

સાત-આઠની ઉમ્મરના કાળુને હજુ તો ધોતિયું પહેરતાંય નહોતું આવડ્યુંને બળદ ચારતા શીખવું પડ્યું ત્યારે કાકા પરમા મુખીને કાળુની દયા આવી પણ 'બાર માથાવાળી' માલીએ ચોખ્ખું સંભળાવ્યું : જો એ કાળમુખાને (કાળુને) જરાય હથોપો આલ્યો છે – અરે કૂવામાં પડતો હોય તોય જો કોઈએ પાછો વાળ્યો છે.." આમ તળપદી બોલી લહેકામાં ચરિત્ર, પ્રસંગ, પરિસ્થિતિ તેના મૂળ રંગમાં પ્રગટ થાય છે. બોલી વિનિયોગની પ્રસ્તુતતા સમગ્ર કથાના પરિવેશને ઔચિત્યપૂર્વક ઉપકારક- સહાયક સિદ્ધ થાય છે.

ઠેર-ઠેર તળપદી બોલીમાં જનપદનો જીવનપ્રવાહ વ્યક્ત થાય છે. પોતાનું ખેતર બરાબર ખેડી નાખ્યું છે તેના સંદર્ભમાં કાળુ તેની ભલીને કહે છે : "આપણું તો સુધાર્યું જ છે તો. ચૂરમા જેવી ખેડ કરી નાખી છે. આખા ગામમાં આપણા જેવો વાડો સુધાર્યો છે કોઈએ ?"

દુબળાપાતળા ઠાકોર માટે કરકટિયા,કાળુ માટે વાલાભાઇનો મોટિયાર, પાંખાળી ઘોડી, 'વિવા ઊલ્યો ને થાંભલે મોડ' લાકડા પ્રમાણે છોડાં પાડતા બારોટ, "રોટા ઉપર ભાજી ને વઉ આવે તાજી", 'કણબી પાછળ કરોડ' જેવી ઉક્તિઓ, રૂઢિપ્રયોગો કહેવાતોનો સાર્થક પ્રયોગ કથાના
ગદ્યસૌંદર્યમાં વધારો કરે છે.

માલી ડોશીનું અકાળે મોત થાય છે. ઘરેણું છાતીએ વળગાડીને રઝળતી માલી લુંટાઈ ગઈ છે. તેનો મૃતદેહ હાથમાં આવે છે. જેને કાળુ પોતાનું કપડું ઓઢાડે છે. માલી ઉપર ઘરના બધાને રોષ છે. તેનો પંડના દીકરો નાનિયો ક્રોધમાં ભાન ભૂલીને માને વિશે બરાડા પાડીને બોલે છેઃ "જતી રઈ જા.. પણ યાદ રાખજે. જો ત્યાં દૈવને તારા ગોગાળામાં બચકું નાં ભરું તો તારે પેટ જાણે પા'ણો અવતર્યો'તો !" - આમ, વિવિધ પરિસ્થિતિઓના આલેખનમાં પાત્રોની મનઃસ્થિતિ અને ચરિત્ર ઉજાગર કરતી બોલી કથાપ્રવાહના વેગને સહાયક બને છે અને નવલકથાના  આંતરસત્વને સઘન રીતે કલાત્મક ઘાટ આપે છે.

સંદર્ભગ્રંથઃ-

૧.ડૉ.પ્રસાદ બ્રહ્મભટ્ટ- અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-પાશ્વ પબ્લિકેશન,અમદાવાદ.

૨.બાબુ દાવલપુરા-પન્નાલાલ પટેલ વ્યક્તિત્વ અને વાઙ્મય,પાશ્વ પબ્લિકેશન, અમદાવાદ.

૩.પન્નાલાલ પટેલ- માનવીની ભાવાઈ,સાધના પ્રકાશન,અમદાવાદ.